| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | 12/03/2022 |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

**મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. / સ્પે. સીંટીંગ મેજીસ્ટ્રેટ મ્યુની. સાહેબશ્રી ની કોર્ટમાં,**

**ક્રીમી. કેસ નં–9503/2019**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી –**

રહે.

**ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો પ્રોહી.ની ક.૬૫ઇ મુજબનો ગુનો કરેલ હતો. ફરીયાદ બાદ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપેલ હતી. આરોપીના વિ.વ.શ્રીએ કલમ બાબતે દલીલ કરતા આક્ષેપીત ગુનો અને ફરીયાદ વંચાણે લીધી. વિ.વ.શ્રીની દલીલો સાંભળી. ચાર્જશીટમાં જણાવેલ ગુના જેટલો જથ્થો હાલના કામે ન હોય જેથી આંક–૧ લગત હુકમ કરી પ્રોહી.ની ક.૬૫એએ તહોમત ફરમાવેલ છે.

(૨) આજરોજ આરોપીએ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ હોય જેથી તેઓની સામે તહોમતનામુ ફરમાવી, ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ

કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૩)** આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ક.૬૫એએના ગુનામાં ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કદે અને દંડની જોગવાઇ છે. આમ ઓછામાં ઓછી સજાની કોઇ જોગવાઇ નથી. તે બાબતે કોર્ટને સત્તા આપવામાં આવેલ છે. જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઈ વીગત જણાતી નથી. આમ સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, આરોપીની શારીરિક અને આર્થીક પરીસ્થીતી જોતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુના જોતા અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા તેમની કબુલાત સ્વીકારવાથી અને ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// **હુકમ** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબનો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ઉપરોકત ગુનાઓ કરવા બદલ કુલ્લે રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નીચમો મુજબની નાશ કરવાની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૨/૦૩/૨૦૨૨ ની ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૩/૨૦૨૨
સ્થળઃ રાજકોટ.

એન આર વધવાણી
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.
મ્યુનીસીપલ કોર્ટ, રાજકોટ.
જજ કોડ જીજે૦૧૩૬૮